## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ના..ના.. અમારા રાજકારણમાં જ પૂર આવ્યું છે... એવા સમયે અમે પુરમાં રાજકારણ ન જ કરીએ...!!

# જિલ્લામાં ભારે વરસાદને પગલે ૪૭ પશુઓના મોત

## ૨૯ પશુઓ બિનવારસી જણાયા : ૮ પશુઓના કરંટ લાગવાથી મોત : સૌથી વધુ પશુહાનિ ગાંધીનગર તાલુકામાં નોંધાઈ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને પગલે ૪૭ પશુઓએ તેમના જાન ગુમાવ્યા છે. જેમાં ૮ પશુઓના મૃત્યુ વીજ કરંટ લાગવાથી નીપજયા છે.

જિલ્લામાં થયેલ નુકશાન અંગે ચાલી રહેલા સર્વેમાં પશુપાલન શાખા દ્વારા તેનો રિપોર્ટ આખરી કરી દેવામાં આવેલ છે. તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે સૌથી વધુ પશુહાનિ ગાંધીનગર તાલુકામાં નોંધાઈ છે.

જિલ્લામાં સરકારની સહાય પાત્ર ૧૦ પશુના માલિકો છે. જેમાં તેમણે ૭ મોટા પશુ અને ૩ બકરા ગુમાવ્યા છે. આ માટે સરકાર દ્વારા એક લાખ એકાણુ હજારની સહાય પણ લાભાર્થીના ખાતામાં સીધી જમા કરાવી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં જે પશુ જાનહાનિ થઈ છે તેમાં ૨૯ પશુ બિનવારસી હોવાનું તપાસમાં જણાઈ આવ્યું છે. તાલુકાવાર પશુ હાનિ જોઈએ તો માણસામાં ૩, ગાંધીનગરમાં ૨૪, કલોલમાં ૧૨ અને દહેગામમાં ૮ પશુનો સમાવેશ થાય છે. વીજકરંટથી જે પશુઓના મોત નીપજયા છે તેમને વિદ્યુત તંત્ર દ્વારા સહાયનું ચુકવણું કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. મૃત પામેલ પશુઓના પોસ્ટમોર્ટમ રિપોર્ટ પણ વિદ્યુત તંત્રને મોકલી આપવામાં આવેલ છે.

# આજે ગાંધીનગર ભાજપ યુવા મોરચાની ટીમ અભ્યાસની કીટ લઈ બનાસકાંઠા રવાના થશે

ગાંધીનગર, તા. ૪

બનાસકાંઠામાં બનાસ નદીએ સર્જેલા વિનાશથી અનેક ગામો તહસનહસ થઈ ગયા છે. હજુ પણ કેટલાક ગામો સંપર્ક વિહોણા છે. ત્યારે સમગ્ર ગુજરાતમાંથી સેવાભાવી નાગરીકો અને સંસ્થાઓ દ્વારા પૂર પીડિતોને ખાદ્યસામગ્રી અન્ય જરૂરી ચીજવસ્તુઓ પહોંચાડવામાં આવી રહી છે. ત્યારે ગાંધીનગર મહાનગર ભાજપ યુવા મોરચા દ્વારા અત્યાર સુધીમાં ફૂડપેકેટ અને અન્ય રાહત સામગ્રી પહોંચાડવામાં આવી છે. હાલ પણ મહાનગર ભાજપના કાર્યકરો હજુ પણ સેવામાં કાર્યરત છે. ત્યારે આગામી તા. ૫ ઓગષ્ટના રોજ સવારે ગાંધીનગર શહેરથી યુવા મોરચાની ટીમ બુટ, ચંપલ, ચાદર, ધાબળા, અનાજની કીટ હજારોની સંખ્યામાં લઈને કાર્યકર્તાઓ રવાના થશે. આ કીટનું વિતરણ બનાસકાંઠાના પૂરગ્રસ્ત કાંકરેજ તાલુકાના રૂની, ખારીયા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં જઈને આ કિટનું વિતરણ કરવામાં આવશે. તેમ ભાજપ યુવા મોરચાના શહેર પ્રમુખ અમિત પટેલે જણાવ્યું છે. ભાજપ યુવા મોરચાના કાર્યકરો તા. ૩ અને ૪ ઓગષ્ટના રોજથી પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના અસરગ્રસ્ત ગામો રામપુર ગઢા, ડાભી, લીમડા, કાટજડા, સણઝરા, તમામ ગામોમાં ૭૦૦ કીટ અને ૫ ગાડી ઘાસનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમુખ અમિતભાઈ, મહામંત્રી જીગ્નેશભાઈ, યુવરાજસિંહ તથા યુવા મોરચાની ટીમ જયેશભાઈ, વિરલભાઈ, હાર્દિકભાઈ, વિજયભાઈ, અપૂર્વભાઈ, મેહુલભાઈ, પાર્થભાઈ તથા અન્ય યુવા કાર્યકરો અને ભાજપના કાર્યકરો સાથે મળીને સેવાનો અવસરનો લાભ મળ્યો હતો. આગામી ૫ અને ૬ ઓગષ્ટના રોજ સ્કૂલના બાળકો માટે ચોપડા પેન જેવી ચીજવસ્તુઓ અને ચંપલ, ટોર્ચ તથા અન્ય જીવન જરૂરી વસ્તુઓ આપવાનું આયોજન કરેલ છે.



# યુથ હોસ્ટેલ્સ એસોસિએશન દ્વારા નેચર કેમ્પ યોજાશે

યુથ હોસ્ટેલ્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા, ગાંધીનગર યુનિટ દ્વારા સાહસિક અને પ્રકૃતિ પરિચય માટે અનેક કાર્યક્રમો યોજવામાં આવે છે. જે શૃંખલામાં જ અત્યંત રમણીય એવા આનંદપુર વીડી વિસ્તારમાં બે દિવસીય પ્રકૃતિ પરિચય શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. ચોટીલા નજીક આવેલા આ વિસ્તારમાં ઘાસથી આચ્છાદિત નાની નાની ટેકરીઓની વચ્ચે નાનકડા ઝરણાને કાંઠે સંપૂર્ણ નૈસર્ગિક વાતાવરણમાં ઉભી કરાયેલ કેમ્પ સાઈટમાં નિવાસની વ્યવસ્થા છે. ચોતરફ લીલું છમ્મ ઘાસ, આખો દિવસ રુપકડા પક્ષીઓનો કલરવ, સ્વચ્છ પ્રાણ-વાયુ આ શિબિરની વિશેષતા છે. કેમ્પ દરમિયાન ઝરખ, નિલગાય, શેળા, સાપ, કાચીંડા, ગરોળી જેવા પ્રાણીઓ તથા ખડમોર, ચાતક, ખેરખટ્ટો, તલીયો તેતર જેવા દુર્લભ પક્ષીઓ પણ જોવા મળી શકે છે. શિબિર દરમિયાન ટ્રેકીંગ, બર્ડ વોચીંગ, ટ્રેઝર હટ, નાઈટ ટ્રેકીંગ, કેમ્પ ફાયર, કેમ્પ ગેમ્સ જેવી અનેક પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. તા. ૨૫મી ઓગસ્ટ રાત્રિથી ૨૭મી ઓગસ્ટ રાત્રિ સુધીના આ કાર્યક્રમમાં ભાગ લેવા માંગતા મિત્રોએ ૯૪૨૬૪૦૧૭૦૧ અથવા ૯૯૯૯૬૫૯૦૦ અથવા ૯૮૯૮૫૯૦૯૭૫ ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે.




## નીટ મુદ્દે મેડીકલ વિદ્યાર્થીઓનો હોબાળો

નીટની પરીક્ષામાં ગુજરાતી વિદ્યાર્થીઓને થયેલા અન્યાયને મુદ્દે સરકારે વાલીઓને ઠાલા વચન સિવાય કશું નક્કર કાર્ય કર્યું લાગતું જણાતું નથી. આ કારણે આ પ્રશ્ને વિદ્યાર્થી આલમમાં રોષ વધતો જાય છે. ગાંધીનગરની મેડિકલ કોલેજ કેમ્પસ ખાતે પણ નીટ મુદ્દે વિદ્યાર્થીઓએ ભારે હોબાળો મચાવ્યો હતો.

# દસ્તાવેજ નોંધણી માટે અરજદારે આધાર કાર્ડની ખરી નકલ રજૂ કરવાની રહેશે

ગાંધીનગર, તા. ૪

દસ્તાવેજની નોંધણી માટે જ્યારે દસ્તાવેજ સબ-રજીસ્ટાર કચેરીમાં રજૂ કરવામાં આવે ત્યારે દસ્તાવેજની સાથે આધારકાર્ડની ખરી નકલ રજૂ કરવાની રહેશે તેમ મહેસૂલ વિભાગના એક જાહેરનામામાં જણાવાયું છે. ઉપરાંત દસ્તાવેજની સાથે લખી આપનાર, લખાવી લેનાર તથા ઓળખ આપનારાઓની ઓળખ માટે ફોટા સાથેના ઓળખપત્રના પુરાવામાં આધારકાર્ડની ખરી નકલ રજૂ કરવાની રહેશે.

જાહેરનામામાં વધુમાં જણાવ્યાનુસાર, જે પક્ષકારો પાસે આધારકાર્ડ ઉપલબ્ધ ન હોય તો તેઓએ નજીકની મામલતદાર કચેરી, પ્રાંત કચેરી, કલેક્ટર કચેરી, મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીનો સંપર્ક કરી આધારકાર્ડ મેળવી લેવાના રહેશે અને જે પક્ષકારોએ તેમના આધારકાર્ડ મેળવવા માટેની નોંધણી કરેલી હોય તો તે આધાર નોંધણીની આધાર નંબર વાળી સ્લીપ (યુનિક આઈડેન્ટીફીકેશન નંબર) અથવા ફોર્મ ભર્યું હોય તો તે ફોર્મની ફોટો કોપી રજૂ કરવાની રહેશે.

આ સિવાય પક્ષકારને આધાર નંબર ફાળવવમાં ન આવે ત્યાં સુધી મતદાર ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ, પાસપોર્ટ, પાનકાર્ડ, રાજ્ય-કેન્દ્ર સરકાર, જાહેર સાહસો સ્થાનિક સંસ્થાઓ દ્વારા આપેલ ઓળખકાર્ડ, સ્વાતંત્ર્ય સૈનિકના ઓળખકાર્ડ, ફોટો સાથેના મિલકતના દસ્તાવેજો, ફોટા સાથેનું રેશનકાર્ડ સહિતના ૧૪ જેટલા ઓળખકાર્ડના આધારે રજિસ્ટ્રેશન સેવાઓનો લાભ મેળવી શકશે, તેમ નોંધણી સર નિરક્ષકની કચેરી ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# સરગાસણ વિસ્તારની સોસાયટીમાં વરસાદી પાણીનો ભરાવો યથાવત

## કાદવ-કીચડ અને ખદબદતી ગંદકી વચ્ચે નાગરીકો રહેવા મજબુર

ગાંધીનગર શહેરમાં વરસેલા વરસાદને પગલે ઠેરઠેર કાદવ-કિચડ જોવા મળી રહ્યા છે. શહેરને અડીને આવેલા સરગાસણ વિસ્તારની સોસાયટીઓ તેમજ ફ્લેટની આસપાસ આવેલ કોમન પ્લોટમાં હજુ પણ વરસાદી પાણીનો ભરાવો યથાવત રહેવા પામ્યો છે. વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી આ પરિસ્થિતિ ઉભી થવા પામી છે. ગંદકીને પગલે મચ્છરોનો ત્રાસ વધતા નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો ઉભો થવા પામ્યો છે. ત્યારે વરસાદી પાણીનો નિકાલ ઝડપી થાય તેમ સ્થાનિક નાગરીકો ઈચ્છી રહ્યા છે.

વરસાદી વાતાવરણ વચ્ચે શહેરની હાલત કફોડી બની જવા પામી છે. વરસાદ બાદ ઠેરઠેર કાદવ કિચડ તેમજ ગંદકીના ઢગ ખડકાયેલા જોવા મળી રહ્યા છે. શહેરમાં ગંદકીને પગલે મચ્છરજન્ય રોગાચાળો માથું ઉંચકી રહ્યો છે. ઘેરઘેર બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. ખાનગી તેમજ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે.ત્યારે હજુ પણ ન્યું ગાંધીનગર શહેરમાં આવેલ સોસાયટી તેમજ ફ્લેટની આસપાસના વિસ્તારમાં આવેલ કોમન પ્લોટમાં વરસાદી પાણીના ખાબોચીયા નજરે પડી રહ્યા છે. તો કેટલાક ઠેકાણે ખાબોચીયા ભરાયેલા હજુ પણ નજરે પડી રહ્યા છે. માર્ગો સલામત રહ્યા નથી, સ્ટ્રીટ લાઈટ બંધ હાલતમાં છે ત્યારે વરસાદી પાણીના ભરાવાને લઈ સ્થાનિકોમાં ચિંતાનું મોજુ પ્રસર્યું છે.પાણીના ખાબોચીયા મચ્છરોનું ઉદભવ સ્થાન બન્યા છે. તેવી સ્થિતિમાં નાગરીકો રાત્રે શાંતિથી નિંદર પણ માણી શકતા નથી. મચ્છરોના ત્રાસથી નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો છે. ત્યારે ન્યું ગાંધીનગરની સોસાયટીઓ તેમજ કોમન પ્લોટમાં ભરાયેલા વરસાદી પાણી ઝડપી ઉલેચાય તેવુ સ્થાનિક નાગરીકો ઈચ્છી રહ્યા છે.

# ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ ગાંધીનગર દ્વારા બનાસકાંઠા જિલ્લાના અસરગ્રસ્તોને સહાય

ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ દ્વારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા વિસ્તારમાં અસરગ્રસ્ત પરિવારોએ પોતાના ઘર અને ઘરવખરી ગુમાવી દીધેલ છે જે બાબત ધ્યાને લઈ કાચો રસોઈના-કરિયાણાના સામાન તથા સોલાપુરી ચાદરોની કીટની સહાય કરવામાં આવેલ છે. ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના અધ્યક્ષ રાજેન્દ્ર પારધીની આગેવાની હેઠળ એક ટીમ આજરોજ બનાસકાંઠાના ધાનેરા ખાતે પહોંચી ગયેલ છે. અને અસરગ્રસ્ત પરિવારોને કીટનું વિતરણ કરવામાં આવેલ છે.

# સિ.સિ.કા.ના પરિવારના તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માનનો કાર્યક્રમ સંપન્ન

ગાંધીનગર, તા.૪

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની જુલાઈ માસની સભાની સમાપ્તિ બાદ પરિવારના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ધો-૧૦ અને ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના અનુક્રમે ૧૩, ૧૧ અને ૧ વિદ્યાર્થીને રોકડ પુરસ્કાર, અભિવાદન પત્ર તથા પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

તદ્દુપરાંત ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરનાર ચાર તેજસ્વી વિદ્યાર્થીઓને રજત ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની શુભ શરૂઆત સરસ્વતી વંદનાથી કરવામાં આવી હતી જે બાદ મા સરસ્વતીના સાંનિધ્યમાં સન્માનિત થનાર તેજસ્વી વિદ્યાર્થીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરી સન્માન કાર્યક્રમ શરુ કરી સંપન્ન કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પ્રમુખ હસમુખભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.



## જિલ્લાના પ્રાથમિક શિક્ષકોની કોમ્પ્યુટર તાલીમ યોજાઈ

ગાંધીનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા જિલ્લાના પ્રાથમિક શિક્ષકો માટે કોમ્પ્યુટર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં ચારેય તાલુકાના કુલ મળીને ૧૩૦ શિક્ષકોને તાલીમ આપવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શિક્ષકોને જિલ્લાના ચારેય તાલુકાના કોમ્પ્યુટર અવેરનેસ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઈઆઈટીઈ-ગાંધીનગર, કોબા પીટીસી કોલેજ, કલોલની ઉમિયા પીટીસી કોલેજ તથા માણસા શાળા નં.૧ ખાતે આ તાલીમ યોજવામાં આવી હતી. આ તાલીમ માટે દહેગામ તાલુકાના ૫૦, ગાંધીનગર તાલુકાના ૩૦, કલોલ તાલુકાના ૨૬ અને માણસા તાલુકાના ૨૪ મળીને કુલ ૧૩૦ પ્રાથમિક શિક્ષકોને કોમ્પ્યુટરની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં શિક્ષકોને જરૂરી એવા કોમ્પ્યુટર બેઝિક્સ, એમએસ-ઓફિસ વગેરેની થિયરી તથા પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી. તથા કોમ્પ્યુટરને લગતી પાયાની બાબતો જેવી કે કિ-બોર્ડ, પ્રેઝન્ટેશન વર્ક, શીટ તથા ડોક્યુમેન્ટ નિર્વાણ વગેરે શિખવવામાં આવ્યું હતું.



ગાંધીનગર જીઆઈડીસી એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮ તથા એમ.પી. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા બનાસકાંઠામાં આવેલ પુર ગ્રસ્તો માટે કપડાં એકઠા કરવામાં આવ્યા હતા. જીઆઈડીસીના ઓડીટોરીયમ હોલમાં સંસ્થાના સભ્યો, કારીગરો તથા કુટુંબના સભ્યો સાથે મળી સોર્ટીંગ કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૭૮૦૦ જોડી કપડાં વિવિધ વયના બાળકોથી માંડી મોટાઓ માટે પેકીંગ કરવામાં આવ્યા હતા.

## નાજાંભાઈ ઘાંઘર દ્વારા વોર્ડમાં સમાવિષ્ટ સેક્ટરોમાં વૃક્ષારોપણ

ગાંધીનગર શહેરના ૫૩મા જન્મદિવસે શહેરના વોર્ડ નં. ૬ના નગરસેવક નાજાંભાઈ ઘાંઘરે વોર્ડમાં સમાવિષ્ટ સે-૧૨, ૭ અને ૮માં વિવિધ સ્થળો પર લિમડા અને સરગવાના ૨૭૦ જેટલા વૃક્ષોનું વાવેતર સ્થાનિક રહીશોના સાથ સહકારથી કર્યું હતું.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**જાહેરાત નંબર : ૦૩ સને ૨૦૧૭-૨૦૧૮ (બીજો પ્રયત્ન)**
**ટેન્ડર આઈડી નં. ૨૭૦૧૨૧**

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫, સરદાર પટેલ રોડ (ગ-રોડ), ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી પ્રોક્યોરમેન્ટ લેબ ઈન્સ્ટ્રુમેન્ટ એન્ડ ઈક્વીપમેન્ટ ફોર જીડબલ્યુ એસ એસ બી લેબોરેટરી માટે ઓન લાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ઠેકેદારે ટેન્ડરની શરતો પ્રમાણે ઉત્તિર્ણ થવાનું રહેશે. જે કામોની અંદાજીત કિંમત રૂ. ૨૦.૬૬ લાખ બાનાની રકમ રૂ. ૨૦૬૫૮/- ટેન્ડર ફી રૂ. ૯૦૦.૦૦ છે. ટેન્ડર ઓનલાઈન સબમીશન કરવાની છેલ્લી તા. ૧૯/૮/૨૦૧૭ના ૧૮.૦૦ કલાક સુધી ટેન્ડર ડોકયુમેન્ટ www.nprocure.com પર ઉપલબ્ધ છે. બોર્ડને બધા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે.

માહિતી/૧૨૫૫/૧૭-૧૮

